# સમન્વય, અધ્યાત્મ અને માનવધર્મ

**જ્ઞાનામૃત**

**બ્રહ્માકુમાર અનિલ**



આ જે આપણે સૌ જે વાતાવરણમાં જીવી રહ્યા છીએ, તેમાં અધ્યાત્મની વાત કોઈ કરે તો તેનું ચસકી ગયું છે તેવું લાગે. હા, આજે ધર્મના નામે મોટાં મોટાં આયોજનો, મંડપો, કથાપારાયણ વગેરે વિશાળ પાયા પર ચાલે છે પરંતુ એ બધામાં અધ્યાત્મ નથી એવો જુદો સૂર કાઢવામાં જાણે કેમ જોખમ લાગે છે.

આપણા ખેતરના આપણે રખોપા નહીં કરીએ તો ભેલાણ થઈ જશે અને ખેતરમાં એક ઠૂંથ નહીં પાકે. સૌથી પહેલી વાત મને એ લાગે છે કે માણસમાત્રની ગતિ હંમેશાં ઉર્ધ્વ હોય છે. માણસ સ્વભાવે જ જો પતનશીલ હોત તો એ આજે આટલો ઊંચો ચડયો ના હોત. પાષાણ યુગથી માંડીને ઠેઠ આજ સુધી માણસ પોતાની એક મૂર્તિ રચતો ચાલ્યો આવે છે. માણસની સાથે પ્રકૃતિ પણ જોડાયેલી છે પરંતુ પ્રકૃતિ એ કાંઈ માનવનું સારસર્વસ્વ નથી જે રીતે કોઈ ઉંમરે પહોંચી ગયેલા માણસને પણ ક્યારેક માના ખોળામાં માથું નાખીને સૂઈ જવાનું મન થાય, તેમ માણસને પણ ક્યારેક પ્રકૃતિમય થવાનું મન થઈ જાય પરંતુ કેવળ પ્રકૃતિને આધીન રહેવાનું મનુષ્યને ફાવતું નથી. માણસની અંદર કાંઈક ચૈતન્યનો એવો અંશ પડયો છે, જે એને પ્રકૃતિથી ઉપર ઊઠવા માટે સતત ખેંચતો રહે છે અને આ જ અધ્યાત્મ છે. આ જ ધર્મ છે. એ માનવનું પર્યાવરણ છે. એના વગર માણસ જીવી ના શકે. માનવતાનું એ રક્ષણ કરે છે. માણસ કદાચ એ પર્યાવરણમાં કશો ફેરફાર ન કરી શકે. એને પકડી ના શકે, તેમ છતાંય એ એનાથી વિમુખ પણ રહી શકતો નથી. એ છોડવા માંગશે તો ધર્મ તેને પકડી રાખશે. આટલો બધો એ ધર્મ સાથે અભિન્નપણે જોડાયેલો છે એવી મારી શ્રદ્ધા છે. ઈશ્વર તરફથી એને એક ખાસ કામ સોંપાયેલું છે. ઉપર ચઢવાનું, અર્થાત્ ઉન્નતિનાં સોપાનો સર કરવાનું.

જેવી રીતે આપણાં કરતૂતોને લીધે પર્યાવરણ દૂષિત થાય છે. તેમ આજે ધર્મ પણ દૂષિત થયો છે. તેમ છતાંય માનવતાનું મૂલ્યાંકન કરવા બેસીએ, માણસાઈનું માપ કાઢવા બેસીએ તો સમાજમાં કેટલા રાવણ, હિટલર કે કંસ છે તે પરથી નહીં પણ રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ગાંધી વગેરે કેટલા ઊંચા ચડયા તે પરથી નીકળે. જમીન કેટલી ઊંચી ચડી શકે તેનો માપદંડ એવરેસ્ટથી કાઢી શકાય.

માનવમૂર્તિ ઘડાઈ રહી છે. માણસ પોતાની મૂર્તિ ઘડી રહ્યો છે, જ્યારે માનવમૂર્તિ કંડારવી એ ઘડતરની પ્રક્રિયા છે. એનું સ્વરૂપ ધીમે ધીમે નિખરે છે. માનવની આ રેખાઓ કંડારાતાં આ પૃથ્વી ઉપર પુરુષોત્તમો પણ પાક્યા છે, જેમણે આત્મ સમર્પણની પવિત્ર ગંગા વહાવીને ધર્મના રથને પૃથ્વીથી ચાર આંગળ ઊંચો ધરી રાખ્યો છે. ક્યારેક માનવોનાં વરવાં સ્વરૂપો પણ પ્રગટ થયાં છે અને પૃથ્વી પર જાણે મહાવિનાશનું તાંડવ ફૂટી નીકળે છે. ઈશ્વર સર્જન પણ કરી જાણે છે પણ એમાં એની એક કળા છે.

આમ છતાંય, માનવના અંતરના ઊંડાણમાં પરમ તત્ત્વ સાથેનું એક અનુસંધાન એને કાયમ સભાન રાખે છે કે હું કેવળ વાસના અને ઈચ્છાઓનું પોટલું માત્ર નથી. જગતનિયંતા પરમાત્મા સાથે મુજ આત્માનું કાંઈક જોડાણ છે. માણસના અંતરમાંથી એક જ અવાજ ઊઠે છે. એની બુદ્ધિમાંથી ઊઠતો અવાજ ક્યારેક એની પાસે દલા તરવાડીનું કામ કરાવી જાય છે, પરંતુ માણસ સતત જાગૃતિ અને સાવધાની રાખે તો ભીતરના અંતરાત્માના અવાજ અને આવા બુદ્ધિ-તર્કના અવાજ વચ્ચેનો ભેદ પારખી શકે. આ અઘરું છે પણ અસાધ્ય નથી પરંતુ અનુભવ કરી શકાય એવું છે.

આનો એક જ જવાબ છે. પરમતત્ત્વે આ માણસ નામનું પ્રાણી એટલા માટે સરજ્યું છે કે એ પોતાના દેહમાં જ રહીને પરમચૈતન્ય સાથે સર્વ સંબંધ બાંધી અનુભૂતિ કરે, સંસારનાં સઘળાં સ્વરૂપોમાં પોતાનું પ્રતિબિંબ જુએ. આ જ છે માનવનો પરમધર્મ, માનવધર્મ, સાધુ-સંતોના સમાધાન પાછળનું હાર્દ આ જ છે કે તેમનામાં ઈશ્વરોનિષ્ઠા જાગી ગઈ છે. પરમતત્ત્વ પરમાત્મા સાથેનો વિશ્વાસ પેદા થાય પછી જ આત્મવિશ્વાસ જાગે, માનવમાં આત્મતત્ત્વ પડયું છે તો તેણે આત્મવિશ્વાસ જગાવવો રહ્યો. બાકી આ મૂળ વાત તરફ ધ્યાન જ ના દઈએ અને ધાર્મિક કર્મકાંડો કરી કરીનેય કોરાધાકોર રહી બીજાં કાળાંધોળાં કરતાં રહીએ તો આપણા જીવનનો રથ એક તસુય ઊંચો ના ઊઠે. દવાખાને આવેલા રોગી પાસેથી ચાર આંકડાની ફી ઉઘરાવીએ અને પછી યજ્ઞમાં દાનેશ્વરી સિદ્ધ થઈએ તો તે ધર્મ આપણને ક્યાંય પહોંચાડી નહીં શકે. આપણી ઈચ્છાઓ, વાસનાઓના એક એક આવેગોમાંથી આપણી જાતને મુક્ત કરી શકીએ તો તે જ સાચી

> **માણસની અંદર કાંઈક ચૈતન્યનો એવો અંશ પડયો છે, જે એને પ્રકૃતિથી ઉપર ઊઠવા માટે સતત ખેંચતો રહે છે અને આ જ અધ્યાત્મ છે. આ જ ધર્મ છે**

મુક્તિ છે. મુક્તિના એક એક અંશને મેળવતા જઈ પરમમુક્તિ મેળવવાની છે. પછી તો આત્મતત્ત્વનું જ નિયમન રહેશે. આવા જીવન પરિવર્તનની અનુભૂતિ એ જ અધ્યાત્મ છે. એનાં મુખ્ય લક્ષણો આ મુજબ છે..... (૧) ચિત્તમાં માનવમૂલ્યોનો આચાર ગોઠવાઈ જાય. (૨) માણસ બીજા માણસને પોતાનું સાધન ન બનાવે. (૩) માનવીય સંબંધોમાં પ્રેમ સર્વોપરી સિદ્ધ થાય. (૪) સત્ય પ્રત્યેની નિષ્ઠા વધતી જાય. આમ આપણે પણ આપણું પાત્ર શુદ્ધ કરીએ અને અધ્યાત્મને પામીએ. ઈશ્વરીય જ્ઞાનને સમજીએ અને સહજ રાજયોગના અભ્યાસી બનીએ.

આત્મબંધુઓ, આપણે સમન્વય સમજવાનો મર્મ જાણી લીધો ને? એને જીવનમાં અપનાવીએ ત્યારે જ એની દિવ્યતાની સુગંધથી જીવનનો બગીચો સદા મહેકી ઊઠશે. આવો આપણે સૌ અનુભવ કરીએ અને અન્યોને એ અનુભવ કરાવીએ એવી શુભેચ્છા સાથે.

# કાર્ય પાછળનો હેતુ મોહ તો નથી ને

**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા**

**સાધુ જ્ઞાનાનંદદાસ**

શાંતિનો ઉપાય બતાવીને હવે ભગવાન કૃષ્ણ કાર્યનું પ્રેરક બળ શુદ્ધ રાખવાની પ્રેરણા આપે છે.

ઘણી વાર આપણે માનીએ છીએ કે સારાં કાર્યની પાછળ સદાય સારો ભાવ હોય છે પણ જીવન એટલું સરળ નથી. માણસનું મન એક જંગલ છે, અહીં સદગુણોનાં વૃક્ષો પણ ઊગે છે અને દુર્ગુણોની કાંટાવાળી વનસ્પતિ પણ પાંગરે છે.


મોહ એક એવું પ્રેરક બળ છે, જે બધાં જ પ્રેરક બળોને ચાવી જાય છે. આપણી ક્રિયાઓને ધ્યાનથી જોઈશું તો પકડાશે કે મોહ જ આપણને દોરી રહ્યો છે.

એક ગામમાં બે ભાઈ રહેતા. મોટા ભાઈએ ગામમાં એક શાળા ખોલી. સૌએ વખાણી: "કેટલું સારું કામ!" નાના ભાઈએ પૂછ્યું, "ભાઈ, તને શાળાનો વિચાર કેમ આવ્યો?" મોટાએ હસીને કહ્યું, "મારું નામ જીવતું રહે."

કાર્ય પાછળ પ્રસિદ્ધિનો મોહ!

આપણે ઘણી વાર દાન કરીએ છીએ પણ ફોટોગ્રાફર વગર દાન અધૂરું લાગે તો સમજવું જોઈએ કે અહીં દાનનો નહીં, પ્રતિષ્ઠાનો મોહ છે. આપણે સેવા કરીએ છીએ પણ પ્રશંસા ના મળે તો મન કચવાય, તો સમજવું જોઈએ કે અહીં કરુણાનો નહીં, વખાણનો મોહ છે.

ભગવાન કૃષ્ણે ગીતામાં કહ્યું કે "કર્મ કર, ફળની આશા છોડ" પણ આ વાક્યનો અર્થ એ નથી કે મનુષ્ય પાસે કોઈ હેતુ ન હોય. હેતુ હોવો જ જોઈએ પણ હેતુ એવો હોવો જોઈએ જે પોતાને પાર કરે. જે માત્ર 'મારું' સુધી સીમિત ન રહે, 'અમારું' સુધી વિસ્તરે. એક દીવો છે, જો એ પોતાને જ પ્રકાશિત કરે, તો રૂમ અંધારામાં જ રહે. એ બીજાને પ્રકાશ આપે તો પોતે પણ ઝળહળે પણ એ વિચારવું ઘટે કે આ સર્વનો વિચાર પણ સાત્ત્વિક મોહ તો નથી ને? ઘણી વાર બીજાનું હિતકાર્ય પણ મોહમાંથી જન્મેલું હોય છે.



સંતોનું જીવન બધા મોહથી રહિત હોય છે. મોહ એટલે આસક્તિ. આસક્તિ એટલે કશાકને પકડીને રાખવાની ચાહ. સામાન્ય મનુષ્ય માટે મોહ જીવનનું કેન્દ્ર છે.

'મારું' શબ્દમાં જ તેની ઓળખ બંધાયેલી છે. મારું ઘર, મારું કુટુંબ, મારું માન, મારું સ્થાન પરંતુ સંતનો પ્રવાસ 'મારું'થી 'સર્વનું' તરફ હોય છે. આ સર્વની ભાવના પણ પ્રભુ-પ્રેરિત હોય છે.

સાચા સંત નિર્મોહી છે એટલે તેઓ ભાવશૂન્ય નથી. તેઓ તો અત્યંત દયાળુ હોય છે. ફરક એટલો છે કે તેમની ભાવુકતા વ્યક્તિગત સીમામાં બંધાતી નથી. તેઓ એક બાળક માટે જેટલા દ્રવિત થાય છે, એટલાં જ અજાણ્યા માટે પણ થાય છે. તેમનો પ્રેમ કબજો કરતો નથી; મુક્ત કરે છે.

નિર્મોહી કાર્ય એ છે જેમાં કાર્ય મોટું હોય, કર્તા નાનો. જ્યાં 'મેં કર્યું' કરતાં 'ભગવાને કર્યું' વધારે સાચું લાગે. હા, સંતોના કાર્ય પાછળનો હેતુ તો ભગવાનને પ્રસન્ન કરવાનો હોય છે. તેથી તેમનું દરેક કાર્ય દીપી ઊઠે છે.

વિશ્વધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદનું ભાષણ ગુંજ્યું. તેઓ ઇચ્છે તો પ્રસિદ્ધિના શિખરે રહી શકતા પરંતુ તેઓ પાછા ફર્યા. ગામડાં, ગરીબો, અજ્ઞાન અને અંધકાર વચ્ચે. તેમને નામનો મોહ હોત તો તેઓ પ્રકાશમાં રહેત. તેઓએ અંધકાર પસંદ કર્યો કારણ કે ત્યાં સેવા હતી. જે સત્ય માટે બોલે, તે નિર્મોહી હોય છે. મોહ હંમેશાં ભય પેદા કરે છે, "લોકો શું કહેશે?", પરંતુ નિર્મોહી મનુષ્યને આ ભય નથી. નિર્મોહી જીવનના ત્રણ ચિહ્ન સ્પષ્ટ છે. પ્રથમ - કર્તાપણાનો અભાવ. સંત કહે છે, "હું કરતો નથી, કરાવનાર કોઈ બીજું છે." આ વાક્યમાં અહંકાર ઓગળી જાય છે. બીજું-પરિણામથી અલિપ્તતા. કાર્ય સફળ થાય કે નિષ્ફળ, તેમની શાંતિ અડગ રહે છે. ત્રીજું - સર્વવ્યાપી પ્રેમ. તેઓ પોતાના અને પરના ભેદમાં બંધાતા નથી.

સંતનું જીવન કમળ જેવું છે. કમળ પાણીમાં રહે છે પરંતુ પાણી તેની પાંખડીને ભીંજવી શકતું નથી. તેઓ સમાજમાં રહે છે, સમાજની વચ્ચે કાર્ય કરે છે

> **આપણે ઘણી વાર દાન કરીએ છીએ પણ ફોટોગ્રાફર વગર દાન અધૂરું લાગે તો સમજવું જોઇએ કે અહીં દાનનો નહીં, પ્રતિષ્ઠાનો મોહ છે. આપણે સેવા કરીએ છીએ પણ પ્રશંસા ના મળે તો મન કચવાય, તો સમજવું જોઇએ કે અહીં કરુણાનો નહીં, વખાણનો મોહ છે**

પણ સમાજની પ્રશંસા કે નિંદા તેમને બંધક બનાવી શકતી નથી. એક શિષ્યે પોતાના ગુરુને પૂછ્યું: "ગુરુજી, તમે એટલું બધું કરો છો. તમને શું મળે છે?" ગુરુએ નદી તરફ જોઈને કહ્યું: "નદી શું લે છે? એ તો વહે છે.

જે પીવે તે તૃપ્ત થાય. નદીનો હિસ્સો તો વહેતા રહેવાનો છે."

મહંત સ્વામી મહારાજ કહે છે, "સંતો નદી જેવા છે. તેઓ અટકતા નથી, ગણતરી કરતા નથી, અપેક્ષા રાખતા નથી. તેમનું જીવન ઉપદેશ નહીં, પ્રભુની ઉપસ્થિતિ છે."